Extra No. 84

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, MARCH 23, 2026 / CHAITRA 2, 1948

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણમાં લીધું :-

- પોલીસ અધિક્ષકશ્રી,પાટણના પત્ર નં.LIB/જાહેરનામું/૭૫૯/૨૦૨૬ તા.૨૨/૦૩/૨૦૨૬

જાહેરનામું

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૪૧૧૪ થી ૪૧૭૭/૨૦૨૬.-તાજેતરમાં ગામ-ઝીલાયા, તા.ચાણસ્મા, જી.પાટણની ઘટના અન્વયે ગુનેગારો વિરુધ્ધ પોલીસ દ્વારા કાર્યવાહી કરવમાં આવેલ છે. જે સંદર્ભે અભિજિતસિંહ બારડ, પ્રદેશ અધ્યક્ષ, યુવા ક્ષત્રીય સેના ગુજરાત, રહે. વિસનગર દ્વારા સોશિયલ મિડીયા તેમજ પ્રેસ કોન્ફરન્સના માધ્યમથી 'ક્ષત્રિય ઠાકોર સમાજના આરોપીઓની કરેલ કાર્યવાહીમાં પોલીસ કર્મચારીઓ વિરુધ્ધ તાત્કાલીક પગલા લેવામાં આવે નહિ તો તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજ વામૈયા ગામ ખાતે મિટીંગ/સભા કરી કલેક્ટરશ્રી તથા પોલીસ અધિક્ષકશ્રી, પાટણને આવેદનપત્ર આપવા અંગે તેમજ ઉગ્ર આંદોલન કરી આગામી સ્થનિક સ્વરાજ્યની ચૂંટણીમાં રાજકીય પક્ષોને ઠાકોર સમાજના ગામોમાં પ્રવેશ પ્રતિબંધ મુકવા જેવા નિર્ણયો લેવામાં આવેશે.' તેમ જણાવેલ છે. જેથી ઉક્ત બાબતે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને સુલેહ શાંતિનો ભંગ ન થાય તે સારૂ જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૨૬ના ૦૦/૦૦ કલાક થી તા.૨૩/૦૩/૨૦૨૬ ના ૨૪/૦૦ કલાક સુધી કોઈ પણ મંડળી કે સભા - સરઘસમાં ચાર કરતા વધારે વ્યક્તિઓ ભેગા થવા માટે મનાઈ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ અત્રે દરખાસ્ત કરેલ છે.

સબબ, ઉપરોક્ત વિગતે પોલીસ અધિક્ષકશ્રી, પાટણ તરફથી રજૂ થયેલ અહેવાલની વિગતે તેમજ જીલ્લાની તાજેતરની ઘટનાઓને ધ્યાને લેતાં, જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૨૬ના ૦૦/૦૦ કલાક થી તા.૨૩/૦૩/૨૦૨૬ ના ૨૪/૦૦ કલાક સુધી કોઈ પણ મંડળી કે સભા સરઘસમાં ચાર કરતા વધારે વ્યક્તિઓ ભેગા થવા અટકાવવા અતિ આવશ્યક હોઇ તે માટે નીચે મુજબનું જાહેરનામું બહાર પાડવું વ્યાજબી જણાય છે.

વાસ્તે, હું હિરેન ચૌહાણ (GAS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છુ કે, જિલ્લાના તમામ શહેરી તથા ગ્રામ્ય વિસ્તારમાં તા.૨૩/૦૩/૨૦૨૬ના ૦૦/૦૦ કલાક થી તા.૨૩/૦૩/૨૦૨૬ ના ૨૪/૦૦ કલાક સુધી કોઈ પણ મંડળી કે સભા - સરઘસમાં ચાર કરતા વધારે વ્યક્તિઓ ભેગા ન થવા તથા કોઈ સભા ભરવા કે બોલાવવા કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છે.

વધુમાં હું આદેશ કરું છું કે, આ આદેશો નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીમાં / ફરજ ઉપર હાજર હોય તેવી વ્યકિતઓને.

(૨) કોઈ લગ્નના વરઘોડાને

(૩) કોઈ સ્મશાન યાત્રાને

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરવા માટે પાટણ જીલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની વ્યકિતગત રીતે બજવણી કરવી શકય ન હોઈ એક તરફે હુકમ કરવામાં આવે છે તથા આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારમાં દેખી શકાય તે રીતે નકલો ચોંટાડીને તથા ગુજરાત સરકારના અસાધારણ રાજપત્રમાં જાહેર કરીને પ્રસિધ્ધ કરવા ફરમાવું છું.

આજ રોજ તા.૨૨/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

હિરેન ચૌહાણ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.04.22 17:40:29 IST